# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-06-2025** **Midday : 2.30 TO 2.35**
**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

# GRAMPANCHAYAT ELECTION BAHUCHARAJI

રાજ્યમાં ગ્રામ પંચાયતોની ચૂંટણી જાહેર થઈ ગઈ છે, ત્યારે મહેસાણાનાં બહુચરાજી તાલુકામાં 36-માંથી 18 ગ્રામ પંચાયતમાં મહિલા સરપંચ બનશે. 22 ગ્રામ પંચાયત સરપંચની બેઠક બિનઅનામત વર્ગ માટેની છે. આવતીકાલથી નવ જૂન સુધી ઉમેદવારી પત્ર ભરાશે. જ્યારે આગામી 22 જૂને મતદાન અને 25 જૂને મતગણતરી હાથ ધરાશે.

. . . . . . . . . . . . .

# MEHSANA RTE

મહેસાણા જિલ્લામાં શિક્ષણના અધિકાર-RTE હેઠળ ધોરણ એકમાં આ વર્ષે બે હજાર 23 વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો છે. પ્રથમ તબક્કામાંમાં એક હજાર 869 તેમજ બીજા તબક્કામાં 154 વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો છે. RTE હેઠળ ખાનગી શાળાઓમાં આર્થિક રીતે નબળા અને વંચિત બાળકોને નિ:શુલ્ક શિક્ષણ અપાય છે.

. . . . . . . . . . . . .

# CYCLE RALLY BHAVNAGAR

વિશ્વ સાયકલ દિવસ નિમિત્તે આજે ભાવનગરમાં સાયકલ રેલી યોજાઈ. ગુજરાત રાજ્ય સાયકલિંગ એસોસિએશનના માર્ગદર્શન હેઠળ G.S.M સ્પોર્ટ્સ ક્લબ દ્વારા આયોજિત કાર્યક્રમમાં ઘોઘા સર્કલ સંસ્કાર મંડળ આખાડાથી સાયકલ રેલી યોજવામાં આવી.

રેલીમાં મોટી સંખ્યામાં ખેલાડીઓ અને નાગરિકો જોડાયાં. કાર્યક્રમનો હેતુ સાયકલિંગનું મહત્વ અને તેના લાભ અંગે જાગૃતિ ફેલાવવાનો છે.

. . . . . . . . . . . . .

# NARMADA NABARD

નર્મદામાં જિલ્લા કલેક્ટર એસ. કે. મોદીના હસ્તે રાજપીપળા ખાતે રાષ્ટ્રીય કૃષિ અને ગ્રામીણ વિકાસ બૅન્ક-નાબાર્ડના નવા કાર્યાલયનું ઉદ્ઘાટન કરાયું. કાર્યક્રમમાં વર્ચ્યૂઅલ ઉપસ્થિત રહેલા નાબાર્ડના ઉપ-વ્યવસ્થાપક નિદેશક ડૉક્ટર એ. કે. સૂદે નાબાર્ડની કામગીરી અને દ્રષ્ટિકોણ અંગે માહિતી આપી. નવા કાર્યાલય થકી જિલ્લામાં ખેતી , ખેતી પર આધારિત વ્યવસાય તથા ગ્રામીણ વિકાસ ક્ષેત્રે મહત્વનું યોગદાન અપાવવાનું નિર્ધારિત કરાયું છે. આ અંગે શાખા મૅનેજર અમિતા શંખવાલે વધુ માહિતી આપી.

(BYTE- AMITA SHANKHWAL, BRANCH MANAGER)

. . . . . . . . . . . . .

# IPL

ઈન્ડિયન પ્રીમિયર લીગ- IPL ટી-ટ્વેન્ટી ક્રિકેટમાં અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે આજે મુંબઈ ઈન્ડિયન્સ અને પંજાબ કિંગ્સ સામે  બીજી ક્વાલિફાયર મેચ રમાશે.  મેચ સાંજે સાડા સાત વાગ્યે શરૂ થશે. મેચની વિજેતા ટીમ મંગળવારે આ જ મેદાન પર IPL ફાઇનલમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ સામે ટકરાશે.

પંજાબ કિંગ્સ તેનું પ્રથમ  ટાઇટલ જીતવા ફાઇનલ સુધી પહોંચવાના લક્ષ્ય સાથે સ્પર્ધામાં ઉતરશે. છેલ્લી મેચમાં, પંજાબ કિંગ્સ, રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામે છ વિકેટથી હાર્યું હતું. મુંબઈ ઈન્ડિયન્સે ગુજરાત ટાઇટન્સને 20 રને હરાવીને આ તબક્કામાં પ્રવેશ કર્યો છે.

. . . . . . . . . . . . .

# WEATHER

રાજ્યમાં આગામી સાત દિવસ અનેક જિલ્લામાં કમોસમી વરસાદની આગાહી છે. આ સમયગાળા દરમિયાન મહત્તમ તાપમાનમાં કોઈ ફેરફાર જોવા નહીં મળે તેમ હવામાન વિભાગે જણાવ્યું. વિભાગના જણાવ્યા મુજબ , દક્ષિણ—ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે.

દરમિયાન ગત 24 કલાકમાં રાજ્યમાં સૌથી વધુ 40 ડિગ્રી સેલ્સિયસ તાપમાન સુરેન્દ્રનગર જિલ્લામાં નોંધાયું છે. ઉપરાંત ભાવનગર , રાજકોટ, અમદાવાદ અને ગાંધીનગરમાં મહત્તમ તાપમાન ઓગણચાળીસ ડિગ્રી સેલ્સિયસ , કંડલા હવાઈમથક , ડીસા અને વલ્લભ વિદ્યાનગર ખાતે મહત્તમ 38 ડિગ્રી સેલ્સિયસ તાપમાન રહ્યું છે. આ સિવાયના જિલ્લા અને શહેરમાં મહત્તમ તાપમાનનો પારો 37 ડિગ્રી અને તેનાથી ઓછો રહ્યો હોવાના અહેવાલ છે.

. . . . . . . . . . . . .

# YOGA

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા નવસારીમાં જલાલપોર તાલુકાની શ્રી સરદાર પટેલ શાળામાં 15 દિવસનાં નિઃશુલ્ક બાળ યોગ સમર કેમ્પનું સમાપન થયું. દરમિયાન યોગ બોર્ડ ટીમ દ્વારા યોગાસન , પ્રાણાયામ, ધ્યાન, ગીતાના શ્લોક અને રમતો પણ શીખવવામાં આવી.

. . . . . . . . . . . . .

# MOCK DRILL KHEDA

રાજ્યનાં તમામ જિલ્લાઓમાં ગઇકાલે નાગરિક સંરક્ષણની 'ઓપરેશન શિલ્ડ' મોકડ્રીલ યોજાઈ. ખેડા જિલ્લામાં બે સ્થળોએ મોકડ્રિલ યોજાઈ. નડિયાદમાં SRP ગ્રુપ-7 ખાતે A બ્લોકની અંદર ડેમોસ્ટ્રેશન કરાયું હતું. ખેડા જિલ્લાનાં નડિયાદ કોર્પોરેશનમાં આવેલા ડભાણ અને યોગીનગર વિસ્તારમાં પણ ગત રાત્રિનાં અંધારપટ કરાયું. ડભાણ ગામ નજીકથી પસાર થતા રાષ્ટ્રીય રાજમાર્ગ નંબર 48 પર પણ સ્ટ્રીટ લાઈટો બંધ રખાઈ હતી. ડભાણ ગામના ગ્રામજનોએ સ્વેચ્છાએ લાઈટો બંધ કરી હતી.

. . . . . . . . . . . . .

# સમાચારનાં અંતે

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

---

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)